# ધિરાણ, થાપણદરને રેપો રેટ સાથે સાંકળવાની અસર



દેશમાં બેન્કિંગ ક્ષેત્રમાં અગ્રેસર ગણાતી એસબીઆઇએ સૌ પ્રથમવાર તેના ધિરાણદર તથા થાપણદરને રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના બેન્ચમાર્ક રેટ, રેપો રેટ સાથે લિન્ક કર્યા છે જેના પર દેશની બેન્કો રિઝર્વ બેન્ક પાસેથી ટૂંકા ગાળા માટે નાણાંની લોન મેળવે છે. આના કારણે એક નવા યુગની શરૂઆત થઇ છે કે જે આરબીઆઇની પોલિસી એક્શનના ત્વરિત અમલ માટેનો માર્ગ મોકળો કરી રહ્યો છે.

અગાઉ ઓક્ટોબર ૨૦૧૭ની શરૂઆતમાં રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા નિયુક્ત એક કમિટીએ બેન્કોના ધિરાણદરને માર્કેટ બેન્ચમાર્ક સાથે લિન્ક કરવાની ભલામણ કરી હતી જેનો ઉદ્દેશ મોનેટરી પોલિસીના લાભ ઝડપથી ગ્રાહકોને આપવાનો હતો. મોનેટરી પોલિસી ડિપાર્ટમેન્ટના પ્રિન્સિપલ એડ્વાઇઝર, જનક રાજની આગેવાની હેઠળની પેનલે ભલામણ કરી હતી કે તમામ ફ્લોટિંગ રેટ લોન્સ ત્રણ એક્સ્ટર્નલ બેન્ચમાર્કથી રેફરન્સ્ડ હોવી જોઇએ. આરબીઆઇ કેટલાક સમયથી આ અંગે વાત કરતી જ હતી. ફેબ્રુઆરીની શરૂઆતમાં તેની છેલ્લામાં છેલ્લી મોનેટરી પોલિસીમાં મધ્યસ્થ બેન્કે ફાઇનાન્શિયલ બેન્ચમાર્ક માટે એક નિયમનકારી માળખું દાખલ કરવાની દરખાસ્ત કરી હતી.

**એસબીઆઇએ શું કર્યું?**

સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા દેશની એવી પ્રથમ બેન્ક બની હતી જેણે થાપણ તથા લોન પરના તેના વ્યાજના દરને પહેલી મે ૨૦૧૯થી એક્સ્ટર્નલ બેન્ચમાર્ક સાથે લિન્ક કરવાની જાહેરાત કરી છે. આનો અર્થ એવો થયો કે જ્યારે પણ આરબીઆઇ રેપો રેટમાં કોઈ બદલાવની જાહેરાત કરશે ત્યારે એસબીઆઇના વ્યાજના દર પર તે આપોઆપ લાગુ થઈ જશે. ₹એક લાખ કરતાં વધારે થાપણના બેલેન્સ સાથેના બચત ખાતામાં અસરકારક વ્યાજનો દર રેપો રેટ કરતાં ૨૭૫ બેસિસ પોઇન્ટ નીચો હશે, હાલમાં તે ૬.૨૫ છે. આ સાથે બચત ખાતામાં અસરકારક વ્યાજનો દર ૩.૫ ટકા રહેશે.

## ઈટી ક્લાસરૂમ

**તેથી તે ઋણ લેનારાઓ પર કેવી રીતે લાગુ થશે?**

આના કારણે તેમના માટે સારા સમાચાર આવ્યા છે. જેવી રીતે રેપો રેટમાં કાપની સાથે બચત ખાતાના દરમાં ઘટાડો થાય છે તે રીતે ધિરાણ દરમાં પણ ઘટાડો થવાની શક્યતા છે. પરંતુ એબ્સોલ્યુટ ટર્મમાં જોઇએ તો કોઈ મોટી અસર નહીં થાય.

**તેનું ભવિષ્ય શું છે?**

આ તો એક શરૂઆત છે. અન્ય બેન્કો કદાચ એસબીઆઇનું અનુસરણ કરી શકે, સેન્ટ્રલ બેન્ક તેના માટે દબાણ કરી રહી છે. જોકે, સમય જતાં તેમાં બદલાવ આવી શકે. ઉદાહરણ તરીકે એસબીઆઇના બચત ખાતા માટેની મર્યાદા ₹એક લાખની છે. ભવિષ્યમાં તે કદાચ નીચે આવી શકે કેમ કે પ્રયાસો પરિપક્વ થઈ રહ્યા છે.

માહિતી: સૈકત દાસ